કેદીઓ/અટકાયતીઓને અપાતા ખોરાકની જાત અને પ્રમાણમાં ફેરફાર કરવા બાબત...

**ગુજરાત સરકાર,**
**ગુહ વિભાગ,**
**ઠરાવ ક્રમાંક/જેઆરસી/૧૦૭૮/૩૦૫(૨)-જ**
**સચિવાલય, ગાંધીનગર.**
**તારીખ-૦૫-૧૧-૨૦૦૪**

**વંચાણ લીધાઃ**

(1) ગૃહવિભાગનો તા. ૨૬/૭/૭૯નો ઠરાવ ક્રમાંકઃજેઆરસી/૧૦૭૮/૩૦૫(૨)-જ
(2) જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, અમદાવાદનો તા. ૭/૧૦/૨૦૦૨નો પત્ર ક્રમાંક ખાસ/૧/૬૧૬/૨૦૦૨.
(3) જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, અમદાવાદનો તા. ૩૧/૮/૨૦૦૪નો પત્રક્રમાંક ખાસ/૧/૬૨૯/૨૦૦૪.

(૧) ગુજરાત રાજ્યની જેલો માટે, હાલ સંદર્ભ ક્રમાંક (૧) સામે દર્શાવેલ ઠરાવથી, કેદીઓને આપવામાં આવતા ખોરાકનાં પ્રમાણ (Scale) મુકરર કરવામાં આવેલ છે. આ પ્રમાણ મુજબ અપાતા ખોરાકમાં સમય અને સંજોગો પ્રમાણે થોડા ફેરફાર કરવાની કેદીઓની રજૂઆત અન્વયે, કદીઓને અપાતો ખોરાક વધુ સમતોલ બને તેમના આરોગ્ય વિષયક પ્રશ્નો ઘટે અને કેદીઓમાં સંતોષની લાગણી ઊભી થાય એ હેતુથી, તમામ પાસાઓનો અભ્યાસ કરીને ફેરફાર સૂચવવા જેલ ખાતાના અધિકારીઓની એક સમિતિ રચવામાં આવેલ. ઉક્ત સમિતિએ કરેલ ભલામણો મુજબ, કેદીઓને દરરોજ ખીચડી, સવાર-સાંજ શાકભાજી, બેવખત ચા આપી શકાય, આંબલી, મસાલો, મરચું અને ઘઉંના પ્રમાણમાં વ્યવહારુ દ્રષ્ટિએ જરૂરી વધ-ઘટ કરીને વધુ સારો અને આરોગ્ય, પદ ખોરાક કેદીઓને આપવાના હેતુથી ખોરાકની જાત અને પ્રમાણ-માપ (Scale)માં ફેરફાર કરવાની, સંદર્ભ (૨) આગળ દર્શાવેલ પત્રથી જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રીની દરખાસ્ત સરકારની વિચારણા હેઠળ હતી.

(૨) જેલ સુધારણા અને કેદીઓની સ્થિતિ સુધારવાના હકારાત્મક અભિગમના ભાગરુપે આ બાબતે કાળજીપૂર્વક અને પુખ્ત વિચારણાને અંતે સરકાર, જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રીના નિયંત્રણ હેઠળની રાજ્યની મધ્યસ્થ જેલો, જિલ્લા જેલો, ખાસ જેલો, ખુલ્લી જેલો અને હેડ કવાર્ટર સબ-જેલોના જુદા જુદા વર્ગના કેદીઓ/આરોપીઓ તેમજ અટકાયતીઓને, હાલમાં અપાતાં ખોરાકના જાત અને પ્રમાણમાં નીચે જણાવ્યા મુજબ ફેરફાર કરવાનું ઠરાવે છે.

<u>પત્રક-અ</u>

| ખોરાકનો સ્કેલ:-ક્રમ | વસ્તુનું નામ | પ્રવર્તમાન સ્કેલ (ગ્રામ) | સુધારેલ સ્કેલ (ગ્રામ) | રીમાર્કસ/વધારો/ઘટાડો |
|---|---|---|---|---|
| 1. | ઘઉં | ૦.૪૯૦ | ૦.૪૯૦ | બન્ને સ્કેલ સમાન |
| 2. | ઘઉં | ૦.૪૫૦ | ૦.૪૫૦ | બન્ને સ્કેલ સમાન |
| 3. | ચોખા | - | ૦.૫૦ | ખીચડી માટે |
| 4. | મગદાળ | - | ૦.૫૦ | ખીચડી માટે |
| 5. | તેલ | ૦.૨૫ | ૦.૩૫ | યથાવત |
| 6. | મરચું | ૦.૦૦૪.૫ | ૦.૦૦૫ | વધારો |
| 7. | મસાલો | ૦.૦૦૧૭૫ | ૦.૦૦૨ | વધારો |
| 8. | આંબલી | ૦.૦૦૪ | રદ | રદ |
| 9. | ચા | ૦.૦૦૨ | ૦.૦૦૪ | વધારો |
| 10. | દુધ | ૦.૧૪૦ | ૦.૧૦૦ | ઘટાડો |
| 11. | શાકભાજી | ૦.૨૦૦ | ૦.૩૦૦ | વધારો |
| 12. | ખાંડ | ૦.૦૧૫ | ૦.૦૩૦ | વધારો |

(૩) સંદર્ભ (૧) આગળ દર્શાવેલ ઠરાવથી મુકરર કરેલ ઉપરની ચીજ વસ્તેઓના સ્કેલમાં સુધારા-વધારા કરવામાં આવે છે. અને અન્ય વસ્તુઓના મુકરર થયેલ સ્કેલ યથાવત રહેશે.

(૪) આ હુકમો તા. ૮/૧૧/૨૦૦૪ થી અમલમાં આવશે.

(૫) આ અંગેના થનાર ખર્ચ ચાલુ નાણાંકીય વર્ષના અંદાજપત્રના સદરઃ૨૦૫૬-જેલ હેઠળ ઉધારવામાં આવશે અને તે હેઠળ મંજુર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

(૬) આ હુકમો ગૃહ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અગ્ર સચિવશ્રી નાણાં વિભાગની, તા. ૩૧/૮/૨૦૦૪, ની નોંધથી મળેલ અનુમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

**મયૂર આઇ. ભટ્ટ**
**સેકશન અધિકારી**
**ગૃહ વિભાગ**

પ્રતિ,

- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર,
- જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ) ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી અમદાવાદ/ગાંધીનગર
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
- અધિક્ષકશ્રી સર્વે મધ્યસ્થ જેલો/જિલ્લા જેલો/હેડ કવાર્ટર સબ જેલો/ખુલ્લી જેલો/ખાસ જેલો (જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રીની કચેરી મારફત)
- સર્વે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ
- અંગત સચિવશ્રી, માનનીય રાજ્ય કક્ષા મંત્રીશ્રી (ગૃહ)નું કાર્યાલય, ગાંધીનગર
- નાણાં વિભાગ, (બજેટ) સચિવાલય, ગાધીનગર
- નાણાંકીય સલાહકારશ્રી (ગૃહ), નાણાં વિભાગ
- ગૃહ વિભાગ/આર શાખા. ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારીશ્રી/સેકશન અધિકારીશ્રી સિલેકટ ફાઇલ
- શાખા સિલેકટ ફાઇલ